બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, સત્સંગ શિક્ષણ પરીક્ષા

કુલ ગુણ - ૭૫

# ઉકેલપત્ર : સત્સંગ પરિચય - ૨

(સમય : બપોરે ૨ થી ૪.૧૫) (રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨)

**નોંધ :- (૧) આપેલ આવૃત્તિ પ્રમાણેના પુસ્તકના જવાબ જ માન્ય રાખવા. તે સિવાયની આવૃત્તિના જવાબ માન્ય ન રાખવા.**
**(૨) જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**
**(૩) જમણી બાજુએ જવાબની બાજુમાં કૌંસમાં આપેલા અંકો જે તે પ્રશ્નના જવાબના પાઠ/પાના નંબર દર્શાવે છે.**

**☞ અગત્યની સૂચના ☜**

**પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '૦' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ - પ્રશ્ન શરૂ થાય તે પહેલાં જ કરવી.**

**(વિભાગ - ૧ કિશોર સત્સંગ પરિચય, દસમી આવૃત્તિ - માર્ચ, ૨૦૦૯)**

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''નહિ તો ધામમાં ભેગા થાશું.'' (૨૨/૭૦)
➩ બંને ભાઈઓ - આઈને
➩ મામાના સાધુનું વેર લેવા માથાં હોમી દેવા તૈયાર થયેલા દીકરાઓએ આઈને (માતાને) ગઢડાને કેડે મોકલતાં છેલ્લાં જય સ્વામિનારાયણ કહેતાં કહે છે.

૨. ''અક્ષરપુરુષોત્તમ સારુ મુંડાવ્યું છે ને તેમના સારુ દુ:ખો સહન કર્યાં છે.'' (૧૦/૨૭)
➩ શાસ્ત્રીજી મહારાજ - ઠાકોરસાહેબને (લીંબડીના)
➩ સારંગપુર મધ્ય મંદિરમાં રાધાકૃષ્ણની મૂર્તિ પધરાવવાનું ઠાકોર સાહેબે કહ્યું ત્યારે.

૩. ''મચ્છરના ભયથી કોઈ હવેલીનો ત્યાગ કરતું નથી.'' (૧૬/૪૬)
➩ વનાશા - (ધંધુકાના) શેઠિયાઓને
➩ શેઠિયાઓ કહે છે 'સત્સંગ રાખશો તો સૌ તમને નાત બહાર મૂકશે અને વૃદ્ધ ડોસાનું કારજ બગડશે. માટે સ્વામિનારાયણની કંઠી તોડી નાખો કહે છે ત્યારે.

**પ્ર. ૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ગરાસિયાઓએ ગલુજીની માને ભગવાનના આશીર્વાદ અપાવવા કહ્યું. (૩/૮)
જ. ગલુજીને મારી નાખી તેમનું બધુંય ગરાસિયાઓને લૂંટી લેવું હતું. પણ મહારાજે સાંજે જ ગલુજીને તમામ ઘરવખરી સાથે વડથલ બોલાવી લીધા હોવાથી રાત્રે જ્યારે ગરાસિયા આવ્યા ત્યારે ન ગલુજી મળ્યા ન ઘરવખરી મળી. ડોસી પાસેથી જ્યારે સાચી વાત જાણી ત્યારે ગરાસિયાઓએ મહારાજને ભગવાન તરીકે સ્વીકારીને તેમના આશીર્વાદ અપાવવા કહ્યું.

૨. લક્ષ્મીચંદ શેઠને બીજે જન્મે સત્સંગનો યોગ થયો. (૧૨/૩૫)
જ. કારણ કે લક્ષ્મીચંદ શેઠે મોકલેલા અત્તરથી મહારાજે સૌ સંત-હરિભક્તને નાકે અત્તરના ચાંદલા કર્યાં અને સંતોને કહ્યું લક્ષ્મીચંદ શેઠને આ દેહે અમારા દર્શન થાય એવાં પુણ્ય નથી પણ આ સેવા કરી છે તેને પ્રતાપે કરી બીજે જન્મે સત્સંગમાં દેહ ધરશે અને તે વખતે અમારાં દર્શન થશે. માટે લક્ષ્મીચંદ શેઠને બીજે જન્મે સત્સંગનો યોગ થયો.

૩. પર્વતભાઈએ સ્વરૂપાનંદ સ્વામીને દાદાખાચરના નળિયાનું ધ્યાન કરવા કહ્યું. (૨૬/૮૪)
જ. સ્વરૂપાનંદ સ્વામી મહારાજની મૂર્તિને અખંડ દેખતા. ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર વર્તતા હતા. છતાં દેહમાં મંદવાડ આવ્યો ત્યારે અંતરમાં અશાંતિ રહેવા લાગી. ત્યારે મહારાજે તેમને પર્વતભાઈ પાસે મોકલ્યા. પર્વતભાઈએ તેમને દાદાખાચરના નળિયાનું ધ્યાન કરવાનું કહ્યું અને તેમને પોતાની ભૂલ સમજાઈ. પોતે અખંડમૂર્તિ દેખતા તેણે કરીને પ્રગટ - મૂર્તિ શ્રીજીમહારાજનાં દર્શન-સ્પર્શની જે ખેંચ રહેવી જોઈએ તે નહોતી. કારણ, પ્રગટ ભગવાનની નવ પ્રકારની ભક્તિ લીલા ચરિત્રનું ગાન કરવું એ જ્ઞાનનું ને અખંડ મૂર્તિ દેખ્યાનું ફળ છે.

**પ્ર.૩** 'રાજબાઈ' (૧૮/૫૧) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

રાજબાઈ વાંકિયા ગામના હતાં. તેઓ શ્રીજીમહારાજનાં એકાંતિક ભક્ત હતાં. ગઢડામાં મહારાજનાં પ્રથમ દર્શને જ મૂર્તિમાં ચિત્ત ચોંટી ગયું. સર્વોપરી ભગવાનનો નિશ્ચય થઈ ગયો. લગ્નની ઈચ્છા ન હતી. અષ્ટ પ્રકારે બ્રહ્મચર્ય પાળવાની જ ઈચ્છા. મહારાજની સેવામાં જ રહેવું એવો નિશ્ચય કરી લીધો. તેમની સગાઈનાં ચૂંદડી અને નાળિયેર આવ્યાં તે તેમનાં માએ કોઠલા ઉપર મૂક્યાં. માએ ચૂંદડી બતાવી ત્યારે રાજબાઈ કહે, બળી તારી ચૂંદડી. તો ચૂંદડી ભડભડ બળવા લાગી. લગ્નના દિવસે

જાન આવી. વર તોરણે આવ્યો ત્યારે રાજબાઈ મહારાજને સંભારીને સમાધિમાં ચાલ્યાં ગયાં. શરીર જડવત્ બની ગયું તેથી દાસીને લગ્ન મંડપમાં બેસાડી જાન વળાવી. રાજબાઈ તો ગાડે બેસીને અખંડ શ્રીજીમહારાજનું ભજન કરતાં કરતાં સાસરે આવ્યાં. તે જ રાત્રે પોતાના ઓરડામાં પલંગ પર બેસીને શ્રીજીમહારાજનું ધ્યાન કરતાં હતાં. તેમનો પતિ આવ્યો. પલંગ પર તેને સિંહ દેખાયો. તે જોઈને ચીસ પાડીને બહાર નીકળી ગયા. મારે આ બાઈ ન જોઈએ એમ પોતાની માને કહી કાગળ લખી આપી તેમને ગઢડે મોકલી દીધાં. એક વખત શ્રીજીમહારાજ લીંબતરુ નીચે સભા ભરીને બિરાજમાન હતા. રાજબાઈનાં સગાંએ શ્રીજીમહારાજને રાજબાઈને ઘેર મોકલવા વિનંતી કરી. રાજબાઈને મહારાજે સસરાને ઘેર જવા આજ્ઞા કરી. તે સાંભળતાં જ મૂર્છા આવી ગઈ અને રાજબાઈને રુંવાડે રુંવાડે લોહીનાં ટશિયાં ફૂટ્યાં અને દેહ રહેશે નહિ તેવું લાગ્યું. તેથી સગાંઓએ રાજબાઈને સારું થાય તેવી મહારાજને કૃપા કરવા વિનંતી કરી. મહારાજે તેમના દેહ પાસે આવીને રાજબાઈને અખંડ બ્રહ્મચર્ય પાળી સેવા કરવા અને ત્યાં જ રહેવા જણાવ્યું. તેથી તેમના દેહમાં ચેતન આવ્યું. મહારાજને પગે લાગ્યાં. મહારાજે પૂછ્યું, 'તમને કેમ વસમું લાગ્યું ?' તો રાજબાઈ કહે, 'આ આત્માએ કેટલાય જન્મ ધરી વિષય ભોગવ્યા છે. સમુદ્રમાં પાણી છે તેટલું જીવે માતાનું દૂધ પીધું છે. માટે આ દેહે બ્રહ્મચર્ય પાળી આપની દૃઢ ભક્તિ કરવી છે. આપે સેવા કરવાનું અખંડ બ્રહ્મચર્ય પાળવાનું અને અહીં રહેવાનું કહ્યું તેથી હું બહુ રાજી થઈ છું.' રાજબાઈએ એક વખત શ્રીજીમહારાજને રસ રોટલીનો થાળ જમાડ્યો. અને દાદાખાચર દ્વારા પૂજન કરાવ્યું. શ્રીજીમહારાજની ઈચ્છાથી રાજબાઈને સમાધિ થઈ. શ્રીજીમહારાજને દિવ્ય સિંહાસન પર બિરાજેલા જોયા. બ્રહ્માદિક દેવોએ શ્રીજીમહારાજ પર અને રાજબાઈ પર ચંદન અને પુષ્પની વૃષ્ટિ કરી. રાજબાઈને તીવ્ર વૈરાગ્ય હતો. તેઓ પુરુષથી વીસ હાથ દૂર રહેતાં. જાડાં વસ્ત્રો પહેરતાં અને મિતાહારી હતાં. તેમનું બ્રહ્મચર્યવ્રત એવું અખંડ હતું કે તેમણે દેહ મૂક્યો ત્યારે દાદાખાચરે અગ્નિસંસ્કાર કરવા માટે ચિતામાં ઘણું ઘી નાખ્યું, પરંતુ અગ્નિ પ્રકટ્યો નહિ. ત્યારે ગોપાળાનંદ સ્વામીએ કહ્યું, 'અગ્નિને કહો કે સતી તો ચાલ્યાં ગયાં છે. અને હવે તો ફક્ત દેહ છે, માટે સ્પર્શ કરવામાં વાંધો નથી. સ્વામીના આ વચનથી અગ્નિ પ્રજ્વલિત થયો. આવું અસિધારાવ્રત પાળીને રાજબાઈ શ્રીજીમહારાજનો રાજીપો પામ્યાં.

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. જંગમતીર્થ કોને કહેવાય ? (૧/૪) જ. પરમ ભાગવત સંતને જંગમતીર્થ કહેવાય.

૨. શ્રીજીમહારાજે સાચા મિત્રભાવની શી વ્યાખ્યા કરી છે ? (૭/૧૫)

જ. 'જે મિત્ર હોય તે હિતનું વચન દુઃખ લગાડીને કહે તો પણ ખોટું ન લગાડે તે જ સાચો મિત્રભાવ કહેવાય.

૩. પૂતલીબાઈ કેમ નરકમાં ગઈ ? (૨૯/૯૧)

જ. રામાનંદ સ્વામીએ સાચવવા આપેલું સોનું પૂતલીબાઈએ કપટ કરીને લઈ લીધું હોવાથી નરકમાં ગઈ.

૪. સાધુએ ધોલ મારી તો પણ દામોદરભાઈએ શું કહ્યું ? (૧૩/૩૬)

જ. સાધુએ ધોલ મારી તો દામોદરભાઈએ કહ્યું 'સાધુ તો અમારા બાપ કહેવાય તે કોઈ વખત બાપ દીકરાને મારે પણ ખરા.'

૫. એકલવ્ય કેવી રીતે બાણવિદ્યા શીખ્યો ? (૫/૧૨)

જ. દ્રોણાચાર્યની પ્રતિમા બનાવીને તે પ્રતિમાને વિષે ગુરુની સાક્ષાત્ ભાવના કરીને બાણવિદ્યા શીખ્યો.

**પ્ર.૫** 'વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણનું-૧૬' (૧૭/૫૦) - **નિરૂપણ લખો. (કુલ ગુણ : ૫)**

શ્રીજીમહારાજે ગ.પ્ર. ૧૬માં પોતાનો અવગુણ જુએ તે જ વિવેકી અને બીજાનો અવગુણ જુવે તે જ અવિવેકી છે એમ સમજાવ્યું છે. જેને સત્સંગમાં આગળ વધવું હોય તે તો પોતાના જ અવગુણ જુએ અને તેનો ત્યાગ કરી દે. કેટલાક પોતાના દોષને ઓળખે ખરા પણ ટાળવાનો પ્રયત્ન ન કરે પણ પોતાનો અવગુણ ટાળવાનો પ્રયત્ન કરવો તે પણ વિવેક છે. કારણ પોતાનો ગુણ જોવાથી દેહાભિમાન દૃઢ થતું જાય છે અને પરમેશ્વરમાં અથવા સંતમાં કોઈ અવગુણ છે જ નહિ પણ પોતાનો દોષ જોવાની દૃષ્ટિએ કરીને અવગુણ ભાળે છે. જે વિવેકી ભક્ત છે તે પોતાના ઈષ્ટદેવ એવા જે ભગવાન અને સંત તેમાં કદી દોષ દેખાતો નથી. એ સિવાય પરમેશ્વર તથા સંત જે જે વચન કહે તેને પરમ સત્ય કરીને માને. ભગવાન અથવા સંતના વચનમાં થોડો પણ અવિશ્વાસ રહે તો તે પણ મોટો અવિવેક છે. લૌકિક કાર્યોમાં પણ આપણે અનુભવી પુરુષોમાં વિશ્વાસ રાખીએ છીએ તો આ લોકનું કાર્ય સરળ થઈ જાય છે. આ મોક્ષના માર્ગમાં આપણને જે ભગવાન અને સંતની પ્રાપ્તિ થઈ છે તેને આપણી પાસેથી એવો કોઈ સ્વાર્થ સાધવો નથી. પણ કેવળ આપણા જીવના રૂડા સારું આપણને ઉપદેશ દે છે, દોષ બતાવે છે. 'તેઓ આપણને કોઈ દિવસ અવળે માર્ગે ચડાવશે નહિ.' એવો તેમનામાં દૃઢ વિશ્વાસ રાખીને સત્સંગ કરવો તો અવિવેક ટળી જાય છે. 'આ દેહ તારું સ્વરૂપ નથી, કારણ દેહ, ઈન્દ્રિય આદિક નાશવંત છે. તારો જે આત્મા છે તે જ તારું સાચું સ્વરૂપ છે.' સત્પુરુષની આ આજ્ઞા માનીને વિવેકી ભક્ત મનની ઈચ્છાઓ પ્રમાણે તણાઈ જતો નથી પણ આત્મારૂપે વર્તે છે. કહેતાં ભગવાન અને સંતની આજ્ઞા પ્રમાણે વર્તે છે પણ પોતાને બંધન થાય એવા જગતના-પંચવિષયનાં પદાર્થોમાં લોભાતો નથી. કુસંગને ઓળખીને તેનાથી દૂર રહે છે. વિઘ્નરૂપ હોય એવા અવળા વિચારોનો ત્યાગ કરે છે. મોક્ષમાર્ગમાં ઉપયોગી એવા સવળા વિચારોને જ ગ્રહણ કરે છે. ત્યારે સાચો વિવેક આવે છે.

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો. (કુલ ગુણ : ૮)**

**☞ નોંધ :- કીર્તન / અષ્ટક / શ્લોક અડધા સાચા હોય તો એક (૧) ગુણ આપવો.**

૧. અષ્ટકોણ ને ઊર્ધ્વરેખા, સ્વસ્તિક, જાંબુ જવ વ્હાલા, વજ્ર, અંકુશ, કેતુ ને પદ્મ, જમણે પગે નવ વ્હાલા
ત્રિકોણ, કળશ ને ગોપદ સુંદર, ધનુષ ને મીન વ્હાલા, અર્ધચંદ્ર ને વ્યોમ સાત, છે ડાબે પગે ચિહ્ન વ્હાલા. (૨૦/૬૪)

૨. પાજ ધર્મની આજ શું બાંધી, લીધી અરિની લાજ, ધન-ત્રિય ત્યાગી સાધુ કીધા, સર્વોપરી મહારાજ.
વિશ્વવિહારી અજ અવિકારી, અવતારી અલબેલ; કલ્પતરુ છો સુખ દેવામાં, છોગાળા રંગ છેલ. (૨/૭)

૩. विधिशंभुमुखैरनिग्रहं भवपाथोधिपरिभ्रमाकुलम् । अपिधार्य मनो नरप्रभं सहजानन्दगुरुं भजे सदा ॥ (૧૧/૩૧)

૪. **ગુજરાતી ભાષાંતર :** જે મનુષ્યો માન અને મોહથી રહિત છે, જેમણે આસક્તિ રૂપ દોષને જીત્યો છે, જેઓ કામનાઓ છોડીને નિત્ય આત્મસ્વરૂપના ચિંતનમાં રહે છે, જેઓ સુખદુઃખ વગેરે દ્વંદ્વોથી પર થયેલ છે. તેવા વિવેકીજનો તે અવિનાશી પદને - અક્ષરધામને પામે છે. (૨૮/૮૮)

**(વિભાગ - ૨ : પ્રાગજી ભક્ત, અગિયારમી આવૃત્તિ - એપ્રિલ, ૨૦૧૧)**

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. (કુલ ગુણ : ૯)**

**☞ નોંધ : - કોણ કહે છે ૧ ગુણ, કોને કહે છે ૧ ગુણ, ક્યારે કહે છે ૧ ગુણ.**

૧. ''મારે તો એમને રાજી કરવા છે.'' (૬/૧૧)

➫ પ્રાગજી ભક્ત - કોઈને

➫ હવાડામાં ચૂનો ને પાણી ભેગાં કરી કચરે ત્યારે કોઈ કહે કે પ્રાગજી ! ચૂનાના છેરથી આંધળો થઈશ. ત્યારે પ્રાગજી ભક્ત કહેતા 'સ્વામી ઉપર મારો દેહ કુરબાન છે, ત્યારે.'

૨. ''બધા દોષ બળી ગયા ?'' (૯/૧૮)

➫ પ્રાગજી ભક્ત - સ્વામીને (ગુણાતીતાનંદ સ્વામીને)

➫ સ્વામીએ પ્રાગજી ભક્તને ગોંગડાની પ્રસાદી આપી. આ પ્રસાદનો સૌને મહિમા સમજાવવા પ્રાગજી ભક્ત સ્વામીને પ્રશ્ન કરે છે.

૩. ''મને વરતાલ લ્યો.'' (૨૮/૫૬)

➫ ભગતજી- પ્રભુદાસ વગેરે હરિભક્તોને

➫ દેહ મૂકતી વખતે ભગતજી કહે છે.

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ) (કુલ ગુણ : ૬)**

૧. ખાંભડામાં મોડી રાત્રે ગુણાતીતાનંદ સ્વામીએ રોટલો મંગાવ્યો. (૪/૬,૭)

જ. વરતાલના સમૈયામાં ન પહોંચી શકવાથી સ્વામીના દર્શન માટે પ્રાગજી ભક્ત ફરતાં ફરતાં સારંગપુર આવ્યા. સ્વામી ખાંભડે હતા માટે સારંગપુરથી મોડી રાત્રે ખાંભડા આવ્યા. સ્વામી તે વખતે પ્રાગજી ભક્તને જ સંભારતા હતા. સ્વામીએ સેવક પાસે રોટલો મંગાવ્યો. પોતે થોડું જમીને પ્રસાદી પ્રાગજી ભક્તને આપી, પ્રેમથી જમાડ્યા.

૨. પ્રાગજી ભક્ત એંઠવાડની કૂંડીમાં કૂદી પડ્યા. (૭/૧૫)

જ. સ્વામી પ્રાગજી ભક્ત વાસણો સાફ કરતા હતા ત્યાં પધાર્યાં ને એંઠવાડની કૂંડીની પાળી પર પગ મૂક્યો અને એંઠવાડના પાણીને સ્વામીના ચરણનો સ્પર્શ થયો. આ જોઈને સ્વામીએ પ્રાગજી ભક્તને પૂછ્યું : 'પ્રાગજી ! અડસઠ તીરથ ક્યાં હશે ?' સ્વામીના આ વચનનો મર્મ સમજી ગયા તેથી પ્રાગજી ભક્ત એંઠવાડની કૂંડીમાં કૂદી પડ્યા.

૩. વાઘાખાચરને શાંતિ થઈ ગઈ, દોષ દૂર થઈ ગયા. (૧૨/૨૩)

વાઘાખાચરને સ્વામીએ કહ્યું 'આ પ્રાગજી કહે છે તે ઠીક કહે છે. ત્યારે તેમણે ફરી પૂછયું 'સ્વામી, તમે પંડે અક્ષર ?' અને સ્વામીએ હા પાડી. તેથી વાઘાખાચરને શાંતિ થઈ ગઈ અને દોષ દૂર થઈ ગયા.

**પ્ર.૯** 'જૂનાગઢમાં અપૂર્વ સન્માન' (૨૭/૫૦) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક) (કુલ ગુણ : ૫)**

ભગતજી મહારાજ સત્સંગમાંથી વિમુખ થયા બાદ અનેક ઉપાધિ આવી. અને આચાર્ય મહારાજની આજ્ઞા વગર જૂનાગઢ જવાય નહિ. આથી યજ્ઞપુરુષદાસજીએ વિચાર કર્યો કે 'જ્યાં ભગતજીનું અપમાન થયું હતું. ત્યાં જ તેમનું ભવ્ય સન્માન થવું જોઈએ.' એટલે તેમણે આચાર્ય મહારાજને પત્ર લખીને જણાવ્યું કે 'જન્માષ્ટમીના સમૈયામાં ભગતજી મહારાજને પધરાવવા છે.' ભગતજી મહારાજ જૂનાગઢ પધાર્યા ત્યારે તેમનું આચાર્ય મહારાજની સાથે જ વાજતે ગાજતે સામૈયું થયું. આચાર્ય મહારાજની જેમ જ ભગતજી તથા સાથેના હરિભક્તોને એક સુશોભિત ગાડીમાં(બગી) પધરાવ્યા હતા. મંદિરમાં પણ ઉતારાની ઉત્તમ સગવડ કરી હતી. આ યોજનામાં તેમને જીભાઈનો પણ સહકાર હતો. જૂના સંતો તથા હરિભક્તો સૌ ભગતજી ને ઓળખતા કે સ્વામીના આ પરમ કૃપાપાત્ર શિષ્ય છે અને સ્વામીને ખરેખરા રાજી કર્યા છે. તેથી ભગતજીને દંડવત કરતા. તેથી ડૉ. ઉમિયાશંકરે બાળમુકુંદદાસ સ્વામીને પૂછ્યું : 'આ ભગતજી ઢોલિયા ઉપર બેસે અને સંતો તેમને દંડવત્ કરે ? ત્યારે સ્વામીએ કહ્યું : 'તેમણે સ્વામીને એવા રાજી કર્યા છે કે સોનાના સિંહાસનમાં બેસારી, સોનાની આરતી

ઉતારીએ તો પણ ઓછું છે.' આ પ્રસંગે સ્વામીના કૃપાપાત્ર હરિભક્તો કહેતા 'પ્રાગભા ! તમે તો સ્વામીનાં ચારેય આંચળ પી લીધા. એક ડબકોય બીજા સારુ રહેવા દીધો નહિ.' ભગતજી કહેતાં જાણપણારૂપ દરવાજે, મોટાપુરુષના ગુણ લેવાની, વિષયાનંદી જક્ત....., ગ્રંથિઓ તોડવાની વાત, આહારવિહારની શુદ્ધિની, જીવને પંચવિષયનું બંધાણ, અંતરનું અજ્ઞાન ટાળે તે ગુરુ, બ્રાહ્મીસ્થિતિવાળા પુરુષ ઓળખવા, સત્પુરુષને દેહ સોંપવો, વગેરે વાતો કરી જૂનાગઢમાં હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપી, દરેકનાં અંતર ટાઢા કરી નાંખ્યા. આ રીતે જૂનાગઢના આ સમૈયામાં પધારી ભગતજીએ યજ્ઞપુરુષદાસજીનાં બધા મનોરથ પૂરા કર્યા.

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

**☞ નોંધ :- અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. માલણ નદીના પટમાં બેસીને પ્રાગજી ભક્ત બાળમિત્રોને શું કહેતાં ? (૧/૧)

જ. 'હું તો બધું ભણેલો છું. આપણે તો પ્રભુ ભજવા ને ભજાવવા છે.'

૨. પવિત્રાનંદ સ્વામીએ ભગતજીને વિમુખ કરવાનું કહ્યું ત્યારે ભગતજીએ શું કહ્યું ? (૧૩/૨૫-૨૬)

જ. 'સ્વામી ! હવે તો શ્રીજીમહારાજ પણ મને વિમુખ કરવા ધારે તોય બની શકે નહિ.' અથવા 'પારસથી થયેલું સોનું, પારસથી પણ કદી પાછું લોઢું બની શકતું નથી.'

૩. વિમુખ કર્યાનો પત્ર જૂનાગઢ આવતાં પ્રાગજી ભક્ત ક્યાં જવા તૈયાર થયા ? (૧૫/૨૯)

જ. વિમુખ કર્યાનો પત્ર જૂનાગઢ આવતાં પ્રાગજી ભક્ત મહુવા જવા તૈયાર થયા.

૪. ભગતજી મહારાજે હરિભક્તોના સુખ માટે કેટલી માળા ફેરવી ? (૨૫/૪૭)

જ. ભગતજી મહારાજે હરિભક્તોના સુખ માટે અઢાર હજાર માળા ફેરવી.

૫. ભગતજીએ વાંસદાના દીવાનને કયું વચન આપ્યું ? (૨૩/૪૩)

જ. અંત સમયે મહારાજ સાથે હું તમને તેડવા આવીશ.

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૧, ૩ (૧૧/૨૧-૨૨)   **૨.** ૨, ૩ (૧૨/૨૩-૨૪)   **૩.** ૩, ૪ (૨૮/૫૬)

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો. (કુલ ગુણ : ૬)**

**☞ નોંધ :- સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **સાધુનો કસબ :** માન-અપમાનમાં સમતા વર્તે, કોઈનો અભાવ ન આવે, પંચવિષયમાંથી વૃત્તિ પાછી વળીને આત્માકારે થઈ અખંડ શ્રીજીમહારાજની મૂર્તિમાં રહે એ સાધુનો કસબ છે. (૮/૧૭)

૨. **શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીના ગુરુપદે :** આ શબ્દો કેટલાક ત્યાગી વર્ગને આકરા થઈ પડતા. એક વાર તો એમણે ભગતજીને આ વિષે ફરિયાદ કરી. તેથી ભગતજીએ તો એમનો પક્ષ લઈને પોતાના સંતો પાસે માફી પણ મંગાવી હતી. (૧૮/૩૫)

૩. **ગઢડામાં જળઝીલણીનો સમૈયો :** ભગવાનના સુખમાં જે આસક્ત થયો હોય તેનાં નેત્રમાં સુખની શેડ્યો આવે અને દસ ઇન્દ્રિયો અને ચાર અંતઃકરણ ઠરી જાય. (૨૬/૪૯)

૪. **મને સ્વામિનારાયણ વળગ્યા છે :** તમો તો ખુદાના ફકીર છો ને આ તો સાક્ષાત્ ખુદા છે. માટે તમોને લાકડિયો મારે, જુતિયાં મારે તો પણ તમારે એની કેડે ફરવું. (૧૯/૩૬)

૫. **સત્સંગમાં કુસંગ :** મંદિરમાં દર્શન કરી પાછા ફરતાં એક માળીએ સ્વામીને ગુલાબનો હાર પહેરાવ્યો. તે જ હાર સ્વામીએ, સભામાં પોતાનું અપમાન કરનાર સંત શુકમુનિના સેવક સાધુ હરિસ્વરૂપદાસજી સામે મળ્યા તેમને પહેરાવ્યો. (૧૪/૨૮)

૬. **સદ્ગુરુ ગોપાળાનંદ સ્વામીના યોગમાં :** એક વાર પ્રાગજી ભક્ત મહુવાથી મુંબઈ જઈને થોડું કામ શીખી આવ્યા. પછી આચાર્ય મહારાજ માટે સુંદર મોજાં અને અંગરખું બનાવી, વરતાલ આવી તેમનાં ચરણોમાં ભેટ ધર્યાં. (૨/૪)

❑ ❑ ❑